**<u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી</u>**
**<u>વી.બી.ચૌહાણ સાહેબ સમક્ષ, મુ.અમદાવાદ.</u>**

**<u>રેફરન્સ કેસ નં.૧૦૯૩/ ૨૦૧૯</u>**
**<u>આંક: ૧૩</u>**

**<u>પ્રથમ પક્ષકાર:-</u>** **શાહ ઓડીયો ઈન્ફોટેક પ્રા.લી.,**
ગ્રાઉન્ડ ફલોર, વોલ સ્ટ્રીટ-૧,
ઓરીએન્ટ કલબની સામે,
એલીસબ્રીજ, અમદાવાદ

**વિરૂધ્ધ**

**<u>બીજા પક્ષકાર :-</u>** **દિપક પુરણમલ શર્મા,**
નંદીગ્રામ, કોતરપુર વોટરપાર્ક પાસે,
નાના ચીલોડા, ગાંધીનગર
C/o. ગુજરાત લેબર એસોસીએશન,
૧૫/૨, સુર્યનગર સોસાયટી,
જવાહરચોક, મણીનગર, અમદાવાદ

---

**પ્રથમ પક્ષકાર તરફે :** -
**બીજા પક્ષકાર તરફે :** **શ્રી ડી.ડી.ભટ્ટ**

---

**<u>--:: એ વો ર્ડ ::--</u>**

(૧) સદર કામના બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા કે કેમ? તેના ન્યાય નિર્ણય સારૂ સદરહુ રેફરન્સ મદદનીશ મજુર કમિશનર, અમદાવાદના તા.૧૩/૧૨/૨૦૧૯ ના હુકમ ક્રમાંક:નાશ્ર આ/અવિ/વિભાગ-૧/આઈ.ડી.આર.નં.૨૬૯/વર્ષ-૧૯/૨૮૨૭૧ થી મજુર અદાલત, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ ત્યારબાદ યોગ્ય ઓથોરીટીના વખતો વખતના હુકમોથી સદરહુ રેફરન્સ અત્રેની અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી સામાવાળા/સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને અરજદાર/કામદાર તરીકે સંબોધવામાં આવશે.

(૩) આ કામે બંને પક્ષકારો તથા તેમના વિ.વ.શ્રી/વિ.પ્રતિનિધિશ્રીએ તેમની સહીથી આંક–૧૨ થી સમાધાન પુરશીશ રજુ કરેલ છે. જે આંક–૧૨ ની સમાધાન પુરસીસના કથનો વંચાણે લેતા, આ કામમાં પક્ષકારો વચ્ચે નકકી થયા મુજબ નોકરીના હકકોના કુલ એન્ડ ફાયનલ સમાધાન તરીકે રૂા.૯૦,૦૦૦/– સામાવાળા સંસ્થા ચેકથી ચુકવી આપેલ છે જેમાં ચેક નં.૦૦૧૧૮૫ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક જેએમસી હાઉસ પરીમલ ગાર્ડન સીજી રોડનો તા.૧૩/૩/૨૩ ના રોજનો રૂા.૧૦,૦૦૦/– જેમાં ચેક નં.૦૦૧૧૮૬ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક જેએમસી હાઉસ પરીમલ ગાર્ડન સીજી રોડનો તા.૧૩/૦૩/૨૦૨૩ ના રોજનો રૂા.૨૦,૦૦૦/– ચેક નં. ૦૦૧૧૮૭ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક જેએમસી હાઉસ પરીમલ ગાર્ડન સીજી રોડનો તા. ૧૩/૪/૨૦૨૩ ના રોજનો રૂા.૨૦,૦૦૦/– ચેક નં.૦૦૧૧૮૮ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક જેએમસી હાઉસ પરીમલ ગાર્ડન સીજી રોડનો તા.૧૫/૦૫/૨૦૨૩ ના રોજનો રૂા.૨૦,૦૦૦ જેમાં ચેક નં.૦૦૧૧૮૯ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક જેએમસી હાઉસ પરીમલ ગાર્ડન સીજી રોડ આંબાવાડીનો તા.૧૩/૦૬/૨૦૨૩ ના રોજનો રૂા.૨૦,૦૦૦/– જે અંગે અરજદાર પાકી પહોંચ લખી આપેલ છે અને અરજદાર કોઈ પણ જાતના વાંધા કે વિરોધ વગર સ્વીકાર કરે છે. હવે અરજદારને નોકરી કર્યા અંગેના કે અન્ય કોઈ પણ જાતના હકક લેણા બાકી નીકળતા નથી. તેમજ અન્ય કોઈ ફરીયાદ અને કેસ પાછા ખેંચી લેવાના રહેશે. તેમજ સંસ્થા અને અરજદાર વચ્ચે માલીક નોકરના સંબંધનો અંત આવે છે. અરજદારને ચુકવવામાં આવેલ રકમ રાજીખુશીથી સ્વેચ્છાએ કોઈ પણ જાતની ધાક ધમકી વિના કબુલ કરેલ છે. આમ, સમાધાન ની શરતો મુજબ સમાધાન પુરશીશ જાહેર કરતાં, સદરહું પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે. આમ, અરજદારનો હાલનો રેફરન્સ કેસ આંક–૧૨ ની સમાધાન પુરશીશના કથનો આધારે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**અમદાવાદ.**
**તા.૧૧/૦૨/૨૦૨૩.**

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ )**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં.૪,અમદાવાદ.**
**(જી.જે.૦૧૦૪૫)**